# સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, લીલીયા

## INNOVATION CLUB

### “Agri Entrepreneur workshop”

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ લીલીયામાં SSIP અને ઈનોવેશન ક્લબ તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર - જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અમરેલીના સંયુક્ત ઉપક્રમે તા. 27-01-2023 ના રોજ "Agri Entrepreneur workshop" નું આયોજન કરવામાં આવેલ હતું. કોલેજના વિદ્યાર્થીઓમાં કૃષિ અંતર્ગત ઉદ્યોગસાહસિકતાનો વિકાસ થાય અને તેઓ નોકરી મેળવનાર કરતા નોકરી દાતા બને અને કૃષિ ક્ષેત્રે પોતાનું વિશેષ યોગદાન આપી શકે તેવા ઉમદા હેતુથી કોલેજના આચાર્યશ્રી ડૉ.રાજેન્દ્રસિંહ રાઠોડ સાહેબના અધ્યક્ષતામાં તથા ડૉ. મહેશ એસ. ગઢીયા (SSIP અને ઈનોવેશન ક્લબ કો - ઓર્ડીનેટર)ના નેતૃત્વમાં આ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડ સાહેબ દ્વારા શાબ્દિક સ્વાગતની સાથે વિદ્યાર્થીઓને પ્રસંગોચિત માર્ગદર્શન આપેલ હતું. ત્યારબાદ કેતનભાઈ કાનપરિયા (અધ્યક્ષ ગુજરાતી વિભાગ) સાહેબે પ્રાસંગિક વિચારો રજૂ કર્યા હતા. ત્યારબાદ ડૉ. પ્રીતિબેન જયસ્વાલ (કૃષિ વૈજ્ઞાનિક)તથા ડૉ. નેહાબેન તિવારી(કૃષિ વૈજ્ઞાનિક)તથા પ્રો. વી.એસ. પરમાર (કૃષિ વૈજ્ઞાનિક) (કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ કૃષિ યનિર્વિસટી- અમરેલી )એ કૃષિ Agri Entrepreneur વિષય પર ઊંડાણ પૂર્વક માહિતી અને માર્ગદર્શન પાઠવેલ હતું. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના અધ્યાપકશ્રીએ જહેમત ઉઠાવી હતી.આમ કાર્યક્રમ ખુબજ સરસ અને સુંદર રીતે સફળ થયો.





